# સાબરકાંઠામાં બે દિવસીય અટલ ભુજલ યોજના કાર્યશાળા શુભારંભ કરાયો

## સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકામાં અટલ ભૂજલ યોજના કાર્યાન્વિત કરી જમીન પર ઉતારી જળ વ્યવસ્થા થકી પાણીના જળસ્તરમાં વધારો કરવા લાઈન ડિપાર્ટમેન્ટને અપિલ કરતાં : જિલ્લા કલેક્ટરહિતેષ કોયા

બાયડ તા.૨૫

આ યોજના અંગે આજે સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના સિંચાઇ ખેતી-પશુપાલન, જિલ્લા ગ્રામ વિકાસ, આત્મા પ્રોજેક્ટ તથા જુદી જુદી જળ વ્યવસ્થાપન કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા જિલ્લાના સિંચાઈ, પાણી પુરવઠો અને વાસ્મો જેવા પાણી સાથે સંલગ્ન ડિપાર્ટમેન્ટના અધિકારી કર્મચારીઓની બે દિવસીય કાર્યશાળા હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે યોજાઇ હતી. જેનું દીપપ્રાગટ્ય જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, આ યોજના ડ્રીમ પ્રોજેક્ટ યોજના તરીકે જિલ્લાના ચાર તાલુકા તલોદ, પ્રાંતિજ, વડાલી, ઈડરમાં માં લાગુ કરાઈ છે. જે યોજના ધરાતળ પર ઉતરે અને સુંદર કાર્ય થાય અને જળ વ્યવસ્થાપન જળસંચય અને પાણીનો મહત્તમ બચાવ કરે અને પાણીનો બગાડ અટકાવવા ઉપર ભાર મૂકાયો હતો અને ગ્રામીણ ક્ષેત્રમાં ખેડૂતો અને લોકોમાં પાણી અંગે જાગૃતતા આવે તેવા ડિપાર્ટમેન્ટના અધિકારીઓને તથા સ્વૈચ્છિક સંસ્થાઓને ટીપે-ટીપા પાણીનુ વ્યવસ્થાપન કરવા અપીલ કરી હતી અને હું આશા રાખું છું કે, આ બે દિવસીય શિબિર માં

જોડાઈને જે કંઈ જ્ઞાન મળે તેનું ધરાતલ પર ઉપયોગ કરવા અપીલ કરું છું.અટલ ભૂજલ યોજના શું છે? અટલ ભૂજલ યોજના ભારત દેશની પ્રોગ્રામ ફોર રિઝલ્ટ સાથેની સૌથી મહત્વાકાંક્ષી યોજના છે. જો કે, ભૂગર્ભજળ ના વ્યવસ્થાપન માટે દેશ અને વિશ્વની આ પહેલી યોજના હશે, જેમાં પ્રથમ વખત ભૂગર્ભજળનું જ્ઞાન, અમલીકરણ સમુદાયની ભાગીદારી તથા પાણીની માંગ અને પુરવઠા વગેરે પાસાઓ એકસાથે વિચારવામાં આવ્યા છે. વિશ્વ બેંક અને જળ શક્તિ મંત્રાલય ભારત સરકાર દ્વારા અનુદાનિત અને ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ-૧ સાબરકાંઠા તથા યુનિસેફ દ્વારા ભુજલ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લાના ચાર તાલુકા તલોદ, પ્રાંતિજ, વડાલી, ઈડરમાં અમલી થઇ છે. આ પ્રસંગે સોશિયલ ગવર્નન્સ એક્સપર્ટ તરીકે શ્રી મેઘા જોશી, ખેતીવાડીના એક્સપર્ટ સંજય જાધવ જીયો લોજીસ્ટ એક્સપર્ટ તરીકે નંદકિશોર કસાટે, અને યુનિસેફ વાસ્મો કંન્સલટન્ટ હેમલરાજ સોલંકી તથા નોડેલ અધિકારી કાર્યપાલક ઈજનેર સિંચાઇ પંચાયત સી.એમ ગઢવી તથા એમ આઈ ખણુસિયાની નિગરાનીમાં બે દિવસીય કાર્યશાળા યોજાઈ છે જેમાં સૌએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રેઝન્ટેશન મારફત આખી યોજનાની સમજ અને લાભાલાભ અંગે ચિંતન મનન કર્યું હતું.

# પ્રાંતિજ ખાતે ઐતિહાસિક ધરોહર બચાવવા હિન્દુ સંગઠનો આગળ આવ્યા

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ ભાંખરીયા તળાવ મા ખુદ નગર પાલિકા દ્વારા ઠાલવવામા આવેલ ગંદકચરો દુર કરવા અને તળાવ મા પાણી ભરવા ની માંગ સાથે વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન.ડોડીયા ને આવેદનપત્ર આપી રજુઆત કરી.

પ્રાંતિજ ખાતે ભાજપ શાસિત નગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક વર્ષો થી પ્રાંતિજ ખાતે આવેલ ઐતિહાસિક પૌરાણિક ભાંખરીયા તળાવ મા આખા ગામનો ગંદ કચરો ઠાલવવા આવે છે ત્યારે અનેક વાર પાલિકા મા રજુઆતો બાદ પણ નઠોર પ્રાંતિજ પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી કરવામા આવતી નથી ત્યારે એકબાજુ ગુજરાત સરકાર લાખ્ખો રૂપિયા નો ખર્ચ કરી તળાવો ઉડા કરાવે છે તો બીજીબાજુ પ્રાંતિજ પાલિકા ને જાણે પ્રાંતિજ ભાંખરીયા તળાવ નુ અસ્તિત્વ મીટાવવા બેઠુ હોય તેમ આખા નગર નો ગંદ કચરો આ ઐતિહાસિક તળાવ મા ઠાલવવામા આવતા વિવિધ હિન્દુ સંગઠનો વિશ્વ હિન્દુ પરિષદ , બજરંગ દળ , કામધેનુ સેના , ક્ષત્રિય રાઠોડ દરબાર યુવા સંગઠન , રાષ્ટ્રવાદી યુવા વાહિની , કરણી સેના , મેટરકિંગ સહિત ના વિવિધ સંગઠનો દ્વારા અગાઉ પણ રજુઆતો કરવામા આવી હતી પણ રજુઆતો બાદ પણ પ્રાંતિજ પાલિકા દ્વારા તળાવ મા ગંદ કચરો ઠાલવવામા આવતા અને તળાવ મા નાખેલ ધનકચરો તળાવ માથી ના ઉઠાવતા આખરે વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા ઔતિહાસિક ધરોહર ને બચાવવા પ્રાંતિજ તાલુકા પંચાયત થી રેલીયોજી પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે જઇ ને પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન.ડોડીયા ને આવેદનપત્ર આપી ને રજુઆતો કરી હતી જેમા ભાંખરીયા તળાવ મા નાખેલ ગંદ કચરો દુર કરી તળાવ મા પાણી ભરવા રજુઆતો કરી હતી તો ભાંખરીયા તળાવ પાસે બનેલ નવીન ટાઉન હોલ નુ નામ કરણ પણ મહારાજા ભાંખરસિંહજી રાઠોડ ના નામે થાય તેવી રજુઆતો સાથે વિવિધ સંગઠનોએ અગલ અલગ આવેદનપત્રો આપી ને રજુઆતો કરી હતી તો કરણી સેના સહિત સંગઠનો દ્વારા ગાંધી ચિંધ્યા સાથે જલન આદોલન ની ચિમકી આપી હતી ત્યારે હવે જોવુ એ રહ્યુ કે પ્રાંતિજ પાલિકા દ્વારા તળાવ માંથી ગંદ કચરો ઉઠાવવામા આવશે કે પછી હજુ આ ઐતિહાસિક પૌરાણિક ધરોહર ની દુર દશા કરશે એ તો હવે જોવુ રહ્યુ ત્યારે આ પ્રસંગે બળદેવસિંહ રાઠોડ , જી.એસ.પટેલ , અલ્પેશ ભાઇ રાવલ , ચીકાભાઈ , સહિત વિવિધ સંગઠનો ના પ્રમુખો મંત્રીઓ સહિત વિશ્વ હિન્દુ પરિષદ , બજરંગ દળ કરણી સેના , રાજપુત સમાજ સહિત મેટરકિંગ બન્ના ના કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસામાં ભૂગર્ભ ગટરના કામમાં ભ્રષ્ટાચારની રાવ, ન્યાયિક તપાસ માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત

### ટેન્ડર પ્રમાણેનું કામ ભુલાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

મોડાસામાં ભૂગર્ભ ગટરના કામમાં ટેન્ડર પ્રમાણે કામ નહિ કરી અનહદ ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો છે. ભૂગર્ભ ગટરના કામની વિજીલન્સ તપાસ થાય તો કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતનો પર્દાફાશ થાય તેવા આરોપ લાગ્યા છે. ન્યાયિક તપાસ માટે સ્થાનિક જાગૃત નાગરિકોએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા હલચલ મચી છે. તપાસ થશે તો ગુણવત્તા નેવે મુક્યાની અનેક વિગતોનો પર્દાફાશ થઈ શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ભૂગર્ભ ગટર યોજનાના કામોમાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે. મોટાભાગના ટેન્ડરો અબાઉ હોવાથી કોન્ટ્રાક્ટરો અને તેમના મળતિયાઓને ઘી-કેળાં જેવી સ્થિતિ હોય છે. જિલ્લામાં જ્યાં પણ ભૂગર્ભ ગટરના કામ કરવામાં આવ્યા ત્યાં વ્યાપક ફરીયાદો સામે આવી છે. જ્યારે મોટા ભાગની એજન્સીઓ સમયમર્યાદામાં કામ ક્યારેય પુરાં કર્યા નથી અને તંત્ર તેમજ ભ્રષ્ટ વિભાગ તેને છાવરતો રહ્યો છે. મોડાસામાં ભૂગર્ભ ગટર યોજનાથી પાલિકા વિસ્તારને સ્વચ્છ અને નિર્મળ બનાવવા સરકાર દ્વારા અંદાજીત રૂા.૭૦ કરોડથી વધુની ગ્રાન્ટ પાઈપલાઈન, પમ્પીંગ સ્ટેશન, મશીનરી અને નુકસાન થયેલા રસ્તાના સમારકામ માટે ફાળવવામાં આવી હતી અને કોન્ટ્રાક્ટર તેમજ અધિકારીઓ મોડાસાની પ્રજા ઉપર ઉપકાર કરતા હોય તે રીતે ધીમી ગતિએ કામ ચાલી રહ્યું છે. ત્રણ વર્ષ થયા છતાં કામ પૂરું થયું નથી. પાઈપોની ગુણવત્તા તેમજ મેઈન હોલની કુંડીઓમાં વપરાતાં મટેરીયલ્સની ગુણવત્તા સામે પણ અનેક સવાલ થઈ રહ્યા છે. જે વિસ્તારોમાં ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું છે તે વિસ્તારોમાંથી કેટલાંક રહીશોએ ટેન્ડર મુજબ કામ થતું નથી. પાઈપ સહિતના મટેરીયલ્સની ગુણવત્તા ઉપર અનેક સવાલ ઉભા કર્યા છે. પાલિકામાં રજુઆત પછી પણ પદ અધિકારીઓ તપાસ કરવાને બદલે ધીમા સ્વરે બધું જોવડાવી લઈશું તેવી સાત્વના આપી રહ્યા છે ત્યાર રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ મોડાસા નગરપાલિકાની ભૂગર્ભ ગટરના કામ અંગે થયેલી ફરીયાદમાં કેટલું તથ્ય છે ? કોન્ટ્રાક્ટરએ ટેન્ડરની શરતો મુજબ કામ કર્યું છે કે કેમ? ભૂગર્ભ ગટરની પાઈપો નાખતા પહેલા પીસીસી કરવામાં આવ્યું છે કે કેમ ? તેની પણ વિગતવાર તપાસ થાય તો અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

### આખરે વનઅધિકારીના ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટ્યો

# ધનસુરા આર.એફ.ઓ. સહિત ૩ કર્મીઓ રૂા.૩૦,૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

**લાખોની બેનામી સંપતિને તપાસ શરૂ, જિલ્લાના અન્ય અધિકારીઓની બેનામી સંપતિની તપાસ થાય**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

ધનસુરા વનવિભાગના આર.એફ.ઓ.ના ભ્રષ્ટાચારનો ભાંડો આખરે ફૂટ્યો છે. ગત રોજ સાબરકાંઠા એ.સી.બી.એ. ધનસુરા આર.એફ.ઓ., એચ.એમ. ફુલેત્રા સહિત ત્રણ કર્મીઓને વડાગામમાં ચાની કીટલી નજીક રૂા.૩૦હજારની લાંચ લેતાં રંગેહાથે ઝડપી લઈ લાંચીયા અધિકારીઓની બેનામી સંપતિની તપાસ શરૂ કરવામાં આવી છે. જિલ્લાના વન વિભાગનમાં સરેઆર ભ્રષ્ટાચાર ચાલતો હોવાના અનેક આરોપ પછી પણ સરકાર દ્વારા કોઈ પગલાં ન ભરાતા આખરે જય મહાકાળી સખી મંડળના ખાતામાં પડેલા હપ્તાની રકમ મુદ્દે લાંચ લેતા અધિકારીઓ ઝડપાતા વનવિભાગમાં સનસનાટી મચી ગઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આર.એફ.ઓ., ફુલેત્રા સામે છેલ્લા બે વર્ષથી અનહદ ભ્રષ્ટાચારના આરોપ લાગતા હતા. પરંતુ પોતે રાજા હરિશ્ચંદ્રનો અવતાર હોય તેમ ભ્રષ્ટાચારની ફરીયાદોને નકારતા રહ્યા. બાયડમાં તેમના ચાર્જ દરમ્યાન રક્ષિત વન્ય જીવોની ગેરકાયદે હેરાફેરીનું રેકેટ ઝડપાયા પછી મામલો રફેદફે કરવાના પણ આરોપ લાગ્યા હતા. જ્યારે નવી શિણોલ નજીક અજગરને જીવતો સળગાવી નાખવાની ગંભીર ઘટનાને દબાવી દીધાના આરોપ જગ જાહેર છે. પરંતુ પાપનો ઘડો છલકાય ત્યારે આખરે ફૂટી જતો હોય છે. જે મુજબ જય મહાકાળી સખી મંડળ ગૃપ નર્સરીમાં રોપાઓનું વાવેતર કરતા હોવાથી તેમના ખાતામાં પ્રથમ બે હપ્તાના રૂા.૬૬,૫૦૦ ખાતામાં જમા પડ્યા હતા. તે મુદ્દે ભ્રષ્ટ અધિકારીઓએ લાંચ માગતા ફરીયાદીએ હિંમતનગર એ.સી.બી.માં ફરીયાદ કરી હતી. જે મુજબ એ.સી.બી.એ સરકારી પંચોને સાથે રાખી વડાગામમાં આવેલ સ્ટુડિયો નજીક ચાની કીટલી પાસે રૂા.૩૦,૦૦૦ની આર.એફ.ઓ. ફુલેત્રા વતી લાંચ લેતાં રોજમદાર રમેશ મંગાભાઈ પરમાર અને વિક્રમ સાહરભાઈ દેસાઈ ઝડપાઈ જતાં એ.સી.બી.ની ટીમે ત્રણેય આરોપીઓને લાંચ લેવાના ગુન્હામાં અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. લાંચીયા અધિકારીએ લાખોની બેનામી સંપતિ બનાવ્યાના ગંભીર આરોપ અગાઉ પણ લોકમુખે સાંભળવા મળતા હતા અને હવે એ.સી.બી.ની ઝપટમાં આવ્યા પછી નિષ્પક્ષ તપાસ થશે તો અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. લાંચ લીધી તેના બે દિવસ અગાઉ લાંચીયા અધિકારીઓએ કોના કોના સંપર્ક કર્યા ? તેની મોબાઈલ ઉપરથી વિગતો મેળવવામાં આવે તો વનવિભાગમાં તળીયાથી ટોચ સુધી ચાલતો ટનાટન ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

**ઝડપાયેલા લાંચીયા અધિકારી-કર્મચારી**

| | |
|---|---|
| આર.એફ.ઓ. | હિતેન્દ્ર એમ. ફુલેત્રા |
| કાયમી રોજમદાર | વિક્રમ સાહરભાઈ દેસાઈ |
| કાયમી રોજમદાર | રમેશ મંગાભાઈ પરમાર |

## ખેલમહાકુંભ માં વિદ્યાર્થિની નું ઉત્કૃષ્ટ પ્રદર્શન સ્ટેન્ડિંગ બ્રોડ જંપ તથા ૫૦ મીટર દોડમાં પ્રથમ

**સ્ટેન્ડિંગ બ્રોડ જંપ તથા ૫૦ મીટર દોડમાં સમગ્ર તાલુકામાં પ્રથમ સ્થાન**

ધનસુરા, તા. ૨૫

બાયડ તાલુકા ખેલમહાકુંભ અંતર્ગત એથલેટિક્સ સ્પર્ધા સાઠંબા મુકામે યોજાઈ હતી જેમાં બાયડ શ્રી એન.એચ.શાહ હાઈસ્કુલ સંલગ્ન શ્રીમતી એમ.એસ.પી પટેલ પ્રાઇમરી સ્કૂલ ધોરણ ૫ ની વિદ્યાર્થિની પટેલ ઝાંસી નીમેશકુમાર અંડર ૧૧ માં ખેલમહાકુંભ અંતર્ગત એથલેટિક્સ સ્પર્ધા સાઠંબા મુકામે યોજાઈ ગઈ જેમાં બાયડ શ્રી એન.એચ.શાહ હાઈસ્કુલ સંલગ્ન શ્રીમતી એમ.એસ.પી પટેલ પ્રાઇમરી સ્કૂલ ધોરણ ૫ ની વિદ્યાર્થિની પટેલ ઝાંસી નીમેશકુમાર અંડર ૧૧ માં સ્ટેન્ડિંગ બ્રોડ જંપ તથા ૫૦ મીટર દોડમાં સમગ્ર તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી શાળા તથા પરિવારનું ગૌરવ વધારેલ છે.જેમાં સ્કૂલ ના આચાર્ય પારુલ બેન પટેલ તથા વ્યાયામ ના શિક્ષક ઈરફાન ભાઈ અને વિક્રમ ભાઈ એ શુભેચ્છા પાઠવી હતી.

## ધાનેરા ખાતે આયુષ્યમાન કાર્ડ કઢાવવામાં ચાલતા ધરમધક્કા

### શું જિલ્લા આરોગ્ય અધિકારી કાર્યવાહી કરશે?

ધાનેરા તા. ૨૫

ગુજરાત સરકાર દ્વારા માં અમૃતમ કાર્ડ બંધ થવાથી મોદી સરકાર દ્વારા નવીન આયુષ્યમાન કાર્ડ ગરીબો માટે મેડિકલ સુવિધા મળે તે સહાય અર્થે નવા રીન્યુ કરવા માટે કહેલ જે બાબતે ધાનેરા હેલ્થ ઓફિસ ની ઓફિસમાં જતા લોકો ને ધરમ ધક્કા ખાવા પડે છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી .પરમાર નો અહેવાલ જણાવે છે કે ,માં કાર્ડ માંથી આયુષ્માન કાર્ડ માં ટ્રાન્સફર કરવાના આવેલ કાર્ડ ના છ -છ મહિના થયા છતાં પણ હજુ સુધી કાર્ડ મળેલ નથી પત્રમ પુષ્પમ આપો તો કામ ફટાફટ થઈ જાય છે તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે.

જ્યારે પ્રાઈવેટમાં આયુષ્યમાન કાર્ડ તો અઠવાડિયામાં નીકળી જાય છે તો સરકારી ઓફિસમાં કેમ નહિ? ધાનેરામાં ડીલેવરી કેસોમાં સમયસર કાર્ડ ન મળતા લોકોને ને ઘરના પૈસા ખર્ચવાનો વારો આવે છે અને અનેક લોકો મુશ્કેલીમાં મુકાઇ છે.

આ બાબતે જિલ્લા આરોગ્ય અધિકારી તપાસ કરે અને કર્મચારીઓ પર કડક કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે ઘણા સમયથી રીન્યુ કરવામાં આવેલ કાર્ડ હજુ સુધી મળેલ નથી તો તાકીદે કાર્ડ લોકોને મળે અને મેડિકલ મદદ મળે તેવી લોકોની માંગ છે.

### સ્ટાફ ક્યારે ભાવૂક થાય જ્યારે નિષ્ઠા અને પ્રામાણિકતા હોય

## અરવલ્લી જિલ્લા ખેતીવાડી અધિકારીની બદલી થતાં પુષ્પવર્ષા

મોડાસા, તા. ૨૫

અધિકારીઓ સારા હોય તો સ્ટાફ અને પ્રજા પણ તેમને માન અને સન્માન આપતી હોય છે, પણ કેટલીકવાર અધિકારીઓ માત્ર અહમ પર આવી જતાં હોય છે ત્યારે તેઓ નિવૃત્ત થાય અથવા તો બદલી થાય તો તેમને કોઇ પૂછતું પણ નથી. કામ કરવાની સાથે કર્મચારીઓ સાથે

આત્મિયતાનો ભાવ હોય તો લોકચાહના વધુ મળતી હોય છે, બસ કંઇ આવું જ થયું અરવલ્લી જિલ્લા પંચાયત ખાતે આવેલી જિલ્લા ખેતીવાડી કચેરીમાં. અરવલ્લી જિલ્લા ખેતીવાડી વિભાગના અધિકારી જે.આર.પટેલ ની મહિસાગર જિલ્લામાં બદલી થતાં તેઓને વિદાય આપવામાં આવી હતી. તમામ કર્મચારીઓએ જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલ ઉપર પુષ્પવર્ષા કરતા ખેતીવાડી અધિકારી પણ એકવાર માટે કર્મચારીઓના પ્રેમ અને સન્માનથી નિઃશબ્દ થઈ ગયા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારીની કામગીરીથી તમામ કર્મચારીઓમાં ઉત્સાહ અને ઉમંગ હતો, માતા સમાન અને વરિષ્ઠ મહિલા કર્મચારી જે.આર.પટેલની વિદાય થતાં ભાવૂક થયેલા કેમેરામાં કેદ થયા હતા, આ સાથે જ કેટલાય કર્મચારીઓ ખેતીવાડી વિભાગના અધિકારીની બદલીથી માનભેર વિદાય આપી હતી. અરવલ્લી જિલ્લામાં પ્રથમવાર આ પ્રકારે કોઇ અધિકારીની બદલીને લઇને વિદાય આપવામાં આવી હતી. જે.આર.પટેલ હંમેશા ખેડૂતોની મુલાકાત કરતા હતા અને ગમે તે સમયે ખડેપગે રહીને ખેતીવાડીની અલગ-અલગ કામગીરીમાં જોતરાયેલા રહેતા હતા, ખેતીવાડી વિભાગના તમામ કર્મચારીઓના સાથે રહીને ટીમ વર્ક કરતા હતા, જેથી એક લાગણી ખેતીવાડી અધિકારી સાથે હતી.

**જન્મદિને વધામણી**

આરતીબેન હાર્દિકભાઈ પટેલ
નગરપાલિકા પાસે
બાયડ જીલ્લો અરવલ્લી
બોલ



ભુપેન્દ્રભાઈ અમૃતભાઈ સોની
પાટડિયા જ્વેલર્સ
બાયડ જીલ્લો અરવલ્લી

## તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને શુભેચ્છા અપાઈ

હિંમતનગર તાલુકાની શ્રી કોટડિયા જે.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ ,જાંબુડી(રામપુર) ખાતે તાજેતરમાં ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય તથા શુભેચ્છા સમારોહ વડાલી સરકારી આર્ટસ કૉલેજના પ્રિન્સિપાલ પ્રા.ડૉ.કેસરીસિંહ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળા મંડળના મંત્રીશ્રી અમૃતભાઈ પટેલ, તથા મંડળના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં સર્વોત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ તથા ધોરણ ૧૦-૧૨ના પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રોત્સાહન ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડો.કેસરીસિંહ પરમારે વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન દ્વારા સફળ કારકિર્દી માટે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી અજયસિંહ ચંપાવત તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાયક્રમનુ સંચાલન શ્રી પ્રકાશભાઈ જે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સારસ્વત હાઈસ્કૂલ, બાયડમાં શુભેચ્છા કાર્યક્રમ યોજાયો

શાળામાં મેનેજીંગ ટ્રસ્ટી સમીર બેગ મીરજા , જઅમાતે હિન્દ ખેડા, અરવલ્લી સંયોજક શ્રી હબીબભાઈ શેઠ, મોડાસા રેડિયન્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ના સેક્રેટરી શ્રી લતિફભાઈ , એફ ડી હાઈસ્કુલ અમદાવાદના પૂર્વ પ્રિન્સીપાલ અને એકલવ્ય એવોર્ડ વિજેતા શ્રી મહંમદહુસેન ગેણા , પૂર્વ આચાર્ય શ્રી એ.કે. બલોચ , કાર્ય પ્રમુખના આમંત્રણ વક્તા પૂર્વ શિક્ષક બોરલ હાઈસ્કૂલ શ્રી ડી.એન.મલેક , શાળાના પૂર્વ ક્લાર્ક નબીભાઈ મિર્ઝાની ઉપસ્થિતિમાં માર્ચ ૨૦૨૨માં પરીક્ષા આપતા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો. તેમાં શાળાના આચાર્ય શ્રી આરીફભાઈ મિર્ઝાએ મહેમાનનું સ્વાગત કરી પરીક્ષાર્થીઓને જ્વલન સફળતા મેળવવા શુભેચ્છા પાઠવી હતી. જમાઅતે હિન્દના સંયોજક શ્રી એ શાળાના તમામ વિદ્યાર્થીઓ ને પેન ભેટરૂપે આપી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૦૨૨ માં પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર આવેલ વિદ્યાર્થીઓની માટે રોકડ ૨૦૦-૨૦૦-૨૦૦ ઈનામ વર્ગ શિક્ષકને અગાઉથી સુપ્રત કર્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી.શ્રી ગેણા ખૂબ જ ઊંડાણપૂર્વક ની સમજ આપતું વક્તવ્ય આપી સૌને ભાવ-વિભોર કર્યા હતા. અને પરીક્ષાલક્ષી વાતો કરી હતી. વક્તા ડી.એન.મલેક પોતાની આગવી શૈલીમાં શેરો શાયરી અને ટૂંકી વાર્તા ના ઉદાહરણ થકી ધારદાર વક્તવ્ય આપ્યું હતું વિદ્યાર્થીઓની કાર્યક્રમના અંતે શાળાના આચાર્યશ્રી વર્ગ શિક્ષક મિત્રો અને શિક્ષકોની શુભેચ્છા મોમેન્ટ આપવામાં આવ્યા હતા. અંતે સ્ટાફ મિત્રો દ્વારા તમામ શાળાના વિદ્યાર્થીઓને કેવડો પેડા ખવડાવી શુભેચ્છા પાઠવી હતી.

## ધનસુરા જે.એસ.મહેતા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ધોરણ-૮ ના બાળકો નો શુભેચ્છા સમારોહ યોજાયો

અરવલ્લી જિલ્લા ના ધનસુરા માં આવેલ જે.એસ.મહેતા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ધોરણ ૮ ના બાળકો નો શુભેચ્છા સમારોહ તેમજ શાળા ના બાળકો ને તિથિ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ધનસુરા કેળવણી મંડળ ના ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઈ ઠેકડી,સહમંત્રી તેમજ એસ.એમ.સી કમિટી ના શિક્ષણ વિદ હસમુખભાઈ પટેલ,એસ.એમ.સી ના અધ્યક્ષ કૈલાશબેન,એસ.એમ.સી કમિટી ના તમામ સભ્યો,તિથિ ભોજન ના દાતાશ્રીઓ, વાલીઓ એ હાજર રહી બાળકો ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને બાળકો પોતાના માં રહેલી ક્ષમતા ઓ પ્રમાણે પોતાના સપના પુરા કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા માં આવ્યા હતા .બાળકોની સુંદર રજૂઆત જોઈ મહેમાનો એ તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

## મોડાસાના બોલુંન્દ્રા હાઈસ્કુલના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા ના બોલુંન્દ્રા હાઈસ્કુલના શિક્ષક નો વિદાય સમારંભ યોજાયો હતો.ગુજરાત રાજ્યના ધોરણ ૯ અને ૧૦ ના ગણિત વિષયના પાઠ્યપુસ્તક લેખન અને નિર્માણમાં જેઓનું આગવું પ્રદાન છે અને ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્ય સરકારે જેઓનું બહુમાન કર્યું છે એવા ગણિતજ્ઞ શિક્ષક મનોજભાઈ ઉપાધ્યાય નો વિદાય સમારંભ યોજાઈ ગયો.સાથે સાથે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારોહનું બોલુન્દ્રા કેળવણી મંડળે સુંદર આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં મનહરલાલ શિવલાલ (સી.એ) અત્રેયજી વ્યાસ,ઈશ્વર પ્રજાપતિ, નિલેષ જોષી,ડો.શૈલેષભાઈ શાહ,આર.સી.મહેતા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેળવણી મંડળના પ્રમુખ અને મંત્રીએ સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાચાલન જે.ડી.પટેલ અને નરેશ પ્રજાપતિએ કર્યું હતું.